સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ/ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે પગાર સુધારણાનો લાભ આપવા બાબત

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

**ઠરાવ ક્રમાંક:-SJED/ASC/e-file/17/2022/1526/K,**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા: /૧૧/૨૦૨૩**

**<u>વંચાણમાં લીધા:-</u>**

૧. નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/મ/પગાર સેકલ.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૨૦૦૯/૮૭૬/ગ

૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૦/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:SJED/ASC/e-file/17/2022/1526/K

૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૯/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક:SJED/ASC/e-file/17/2022/1526/K

૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૨૦૧૫ નો પરિપત્ર ક્ર: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧

**<u>પ્રસ્તાવના:-</u>**

નાણાં વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણો આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણો મુજબના પગારધોરણ મંજુર કરવામાં આવેલ છે. તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી વિભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ/ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમાં પગાર પંચની ભલામણો મુજબ પગાર સુધારણાનો લાભ તા.૦૭/૦૯/૨૦૨૨ થી આપવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. સદર કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઇઓને આધીન પગાર સુધારણાનો લાભ તા.૦૧/૦૧/૨૦૧૬ થી આપવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાને અંતે અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ/ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને આ સાથેની અનુસૂચિ-૦૧ અને અનુસૂચિ-૨ માં દર્શાવેલ પત્રકોમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ ૨૩૬૭-૩૫૫ ખાલી જગ્યાઓ-(બિનશૈક્ષણિક) ૧૮૬ ફિક્સ પગાર/ આઉટસોર્સિંગ= ૧૮૨૬ જગ્યાઓને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણો પ્રમાણે તા.૦૧/૦૧/૨૦૧૬ થી પગાર સુધારણાનો લાભ 'સ્કેલ ટુ સ્કેલ'ના ધોરણે આપવાનું આથી ઠરાવવામાં આવે છે. ફિક્સ પગારની ૨૨૬ જગ્યાઓ સંદર્ભે (અનુ.જાતિ કલ્યાણની ૮૩ + વિકસતી જાતિ કલ્યાણની ૧૪૩ જગ્યાઓ) પાંચ વર્ષની નિયત મુદ્દત પૂર્ણ થયા બાદ સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે. ઉપરોક્ત ૩૫૫ ખાલી જગ્યાઓ પૈકી ૩૨૪ ખાલી જગ્યાઓ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ઠરાવથી રદ કરવામાં આવેલ છે. આ ઠરાવની અમલવારી નીચેની શરતોને આધિન રહેશે.

**<u>શરતો</u>**

૧. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને આધીન તા૦૧/૦૧/૨૦૧૬ થી 'સ્કેલ ટુ સ્કેલ' ને ધોરણે પગારસુધારણાનો લાભ મળવાપાત્ર થશે.

૨. સરકારની મંજૂરી હેઠળ નાણા વિભાગના તા૧૬-૨-૨૦૦૬ ના ઠરાવ અનુસાર ભવિષ્યમાં ફિક્સ પગારથી જગ્યાઓ ભરવાની થાય તો આ ફિક્સ પગારની જગ્યાઓને પાંચ વર્ષની નિયત મુદત પૂર્ણ થયા બાદ સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવાની રહેશે. જે જગ્યાઓ

આઉટસોર્સીંગથી ભરેલ હોય તે જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં. આ જગ્યાઓ સરકારની પૂર્વમંજુરી વગર ભરી શકાશે નહીં. આઉટ સોર્સીંગથી ભરવાની મંજૂરી આપેલ જગ્યાઓ આશ્રમશાળાઓ જરૂરીયાત મુજબ યોગ્ય કક્ષાએ મંજૂરી મેળવીને આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે.

૩. આ સાથેની અનુસૂચિ-૦૧ અને અનુસૂચિ-૦૨ માં દર્શાવેલ ૧૦ સંવર્ગની ૨૩૬૭ પૈકી ભરેલી કુલ ૨૩૬૭૩૫૫ ખાલી જગ્યાઓ-૧૮૯ (બિનશૈક્ષણિક) ફિક્સ પગાર/આઉટસોર્સ = ૧૮૨૬ જગ્યાઓને જ ઉપર જણાવ્યા મુજબ પગાર સુધારણાનો લાભ મંજૂર કરી શકાશે આ જગ્યાઓ **સિવાયના કોઇ પણ સંવર્ગ/જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ સિવાયની કોઈ પણ જગ્યા ઉપર સરકારની પૂર્વમંજુરી વગર નિમણૂક આપી શકાશે નહીં કે પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં.**

૪. અનુદાનિત આશ્રમશાળાઓ દ્વારા સરકારની મંજુરી વગર ઉભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ કરાર આધારે ભરેલ કે ફીક્સ પગારથી કે આઉટસોર્સીંગથી ભરેલ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહીં કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે **નહિ. આશ્રમશાળાઓ દ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોય તેવી જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરવા અંગે રાજ્ય સરકાર દ્વારા કોઈ અનુદાન આપવાનું રહેશે નહી. અલબત્ત નાણા વિભાગના તા.૧૬-૦૨-૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર અને** ત્યાર બાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજુરીથી ઉભી થયેલ અને સરકારની મંજૂરીથી ભરવામાં આવેલ જગ્યાઓને, અનુદાનિત મહેકમની જગ્યાઓની મર્યાદામાં નિયત વર્ષોની ફીકસ પગારની સેવા પૂર્ણ થયેથી આ પગાર સુધારણાનો લાભ મંજુર કરી શકાશે. (કુલ ૨૨૬ વિદ્યા સહાયકની ફિક્સ પગારથી ભરવામાં આવેલ જગ્યાઓ)

૫. આશ્રમશાળાઓના કર્મચારીઓની તા.૦૧/૦૧/૨૦૧૬ થી પગાર સુધારણા મંજુર કરવાના રહેશે પરંતુ, ખરેખર પગારમાં ચૂકવણી વહીવટી વિભાગના **હુકમોની તારીખથી પછીના માસની પહેલી તારીખથી મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખરેખર પગારમાં ચૂકવણીની તારીખ વચ્ચેના સમયગાળાના તફાવતની રકમ અંગે સંબંધિત નિયામકશ્રીઓએ વહીવટી વિભાગ મારફતે નાણાં વિભાગની મંજૂરી અર્થે અલગથી દરખાસ્ત કરવાની રહેશે.**

૬. રાજ્ય સરકારના નિર્ણય અનુસાર આશ્રમશાળાઓના અધિકારી/કર્મચારીઓને (મોંઘવારી ભથ્થાં સિવાય) અન્ય મળવાપાત્ર ભથ્થા વિદ્યમાન છઠ્ઠા **પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે.**

૭. રાજય સરકારની મંજૂરી વિના હવે પછી કોઇ જગ્યા આશ્રમશાળાઓ ઠરાવ કરીને ઉભી કરી શકશે નહિ અને તેને સાતમા પગાર પંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજુર કરી શકશે નહીં. રાજય સરકારની મંજુરીથી ઊભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની જોગવાઇઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુત્તમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી- બઢતી આપવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુત્તમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.

**૮. રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ પર આશ્રમશાળાઓ દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમાં પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. આ સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઇ અનુદાન (પગાર ભથ્થા અને નિવૃત્તિ લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે નહી.**

૯. ગુજરાત સરકારની સૂચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે. વોક- ઇન- ઇન્ટરવ્યુ (સાક્ષાત્કાર **કસોટી) દ્વારા જગ્યાઓ ભરી શકાશે નહીં. તથા વર્ગ-૨ અને તેની ઉપરની જગ્યાઓમાં પણ પ્રાથમિક કસોટી અને ઇન્ટરવ્યુના ગુણ ધ્યાનમાં લઇ પસંદગી યાદી તૈયાર કરવાની વિચારણા કરવાની રહેશે. (તા.૦૧/૦૧/૨૦૧૬ અને ત્યારબાદની તમામ જાહેરાત કે જેની પસંદગી પ્રક્રિયા બાકી છે તેમાં** ઉક્ત શરત લાગુ પાડવાની રહેશે.)

૧૦. સાતમા પગાર પંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઈ પણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ માટે આશ્રમશાળાઓ પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ તથા સંબંધિત **જિલ્લા અધિકારીશ્રીઓની રહેશે.**

૧૧. આશ્રમશાળાઓ દ્વારા રાજ્ય સરકારની મંજૂરીથી લાગુ કરવામાં આવેલ હોય તેવી સેવા વિષયક નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

૧૨. આશ્રમશાળાઓ પોતાની સત્તાની રૂએ કોઇપણ જગ્યાઓ ઉભી કરી શકશે નહિં અને કોઇ પણ કર્મચારીની ભરતી કરી શકશે નહિં નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. આ શરતનો અમલ ન કરવામાં આવે તો સંબંધિત નિયામકશ્રી તથાં જિલ્લા અધિકારીશ્રીઓની જવાબદારી રહેશે.

૧૩. આશ્રમશાળાઓ દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

૧૪. રાજ્ય સરકારની અમલમાં રહેલ નીતિ અનુસાર અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને પરિવહન ભથ્થું મળવાપાત્ર નથી તે ધ્યાને લેતાં અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ / આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને પરિવહન ભથ્થું ચૂકવી શકાશે નહીં.

૧૫. રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટ મંજુરીથી હુકમો કરી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ / આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને જે ભથ્થાંઓ મંજુર કરેલ છે, તે ઉપરાંત કોઇ વધારાના લાભો ચૂકવવાના રહેશે નહી કે છઠ્ઠા પગાર પંચ મુજબના પ્રવર્તમાન ભથ્થાઓના દરમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી કે વધારાના પ્રોત્સાહન (incentives) લાભ રાજ્ય સરકારની મંજૂરી વગર આપી શકાશે નહી. સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા ભથ્થાઓ/લાભ અંગેના હુકમો સીધે સીધા અનુદાનિત સંસ્થાના કર્મચારીઓને લાગુ પડશે નહીં સિવાય કે હૂકમોમાં તે અંગે સ્પષ્ટ ઉલેખ કરવામાં આવેલ હોય.

૧૬. અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ/ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓનાં તમામ કર્મચારીઓનું આઇ.એફ.એમ.એસ (IFMS) સિસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓનલાઈન પે ફીક્સેશન તથા ઓનલાઈન વેરીફિકેશન કરાવવાનું રહેશે. વેરીફિકેશન કરાવવાની જવાબદારી જે તે આશ્રમશાળાઓના પે ફીક્સેશન કરનાર જિલ્લા અધિકારીશ્રીની રહેશે. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફિકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો બનેલ પ્રસંગો(events) અદ્યતન કરી, ત્યારબાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

૧૭. આ સાથે સામેલ અનુસૂચિ-૧ અને અનુસૂચિ-૨માં દર્શાવવામાં આવેલ નામાભિધાન પગાર ધોરણોપણ સંબંધિત જિલ્લા અધિકારીશ્રીઓ દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુનઃદરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે. સંબંધિત નિયામકશ્રી કે જિલ્લા અધિકારીશ્રીઓ કોઈ પણ જગ્યાના નામાભિધાન કે પગાર ધોરણમાં કોઈ ફેરફાર કરી શકશેનહી.

૧૮. તા.૦૧/૦૧/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિયમો અનુસાર સાતમા પગારપંચ મુજબના પગાર ધોરણ(ગ્રેડ-પે ને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલમાં મળવાપાત્ર પગાર) તથા તે મુજબના નિવૃત્તિ લાભો તા.૦૧/૦૧/૨૦૧૬ થી જો મળવાપાત્ર થતા હશે તો તે પગાર ચકાસણી થયા બાદ ચુકવવાના રહેશે.

૧૯. છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમાં પગાર પંચ પ્રમાણે ઓનલાઇન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીઓની સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી થઈ શકશે નહીં. જો તેવા કર્મચારીઓની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે સબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

૨૦. આશ્રમ શાળાઓના કર્મચારીઓ સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા/પગાર બાંધણી અંગે નિયત નમૂનામાં વિકલ્પ આપી શકશે અને સબંધિત કચેરી દ્વારા કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ વિકલ્પ મુજબ જે તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે. એક વાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણવાનો રહેશે. આશ્રમ શાળાઓના કર્મચારીઓ પાસેથી નિયત નમૂના મુજબના બાહેંધરીપત્રમાં બાહેંધરી મેળવવાની રહેશે

૨૧. આ મંજૂરી સંબંધિત નિયામકશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ વિદ્યમાન પગાર ધોરણની વિગતોને ધ્યાને લઈ આપવામાં આવેલ હોઈ સંબંધિત નિયામકશ્રી અને આશ્રમ શાળાઓ દ્વારા પુન: ચકાસણીને આધીન સ્કેલ ટુ સ્કેલને ધોરણે પગાર બાંધણી કરવાની રહેશે તેમાં વિસંગતતા જણાયે જરૂરી સ્પષ્ટતા માટે વહીવટી વિભાગ મારફત નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૨૨. તા.૧/૧/૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા અધિકારીઓ/ કર્મચારીઓને નિયમો અનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ(ગ્રેડ પે ને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલમાં મળવાપાત્ર પગાર) તથા તે મુજબના નિવૃત્તિ લાભો તા.૦૧/૦૧/૨૦૧૬થી જો મળવાપાત્ર થતા હશે તો તે પગાર ચકાસણી થયા બાદ ચુકવવાના રહેશે.

૨૩. નિયામકશ્રી(અનૂસૂચિત જાતિ કલ્યાણ) અને નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) હસ્તકની આશ્રમશાળામાં વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૫) પરના પરિપત્ર બાદ ભરતી કરેલ જગ્યાઓ તથા શરત નં.(૩)માં દર્શાવેલ ૨૩૬૭ જગ્યાઓ પૈકી જે જગ્યાઓ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના પરિપત્ર બાદ ભરવામાં આવેલ હોય તેવી જગ્યાઓ-કર્મચારીઓની પગાર સુધારણા અંગે અલગથી વિચારણા કરવાની રહેશે.

૨૪. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના ઠરાવ અન્વયે આશ્રમશાળાઓના કર્મચારીઓ પૈકી જો કોઇ કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ ઓફલાઇન પગાર બાંધણી કરવામાં આવેલ હોય તો તેઓને આ ઠરાવ અન્વયે પુનઃ પગાર બાંધણી કરી મળવાપાત્ર રકમની ચુકવણી/ વસુલાત કરવાની રહેશે.

૨૫. વધુમાં અનુદાનિત આશ્રમ શાળાઓને ગુજરાત મુલ્કી સેવા(વર્ગીકરણ અને ભરતી) નિયમો, લાગુ પડતા ન હોઈ આશ્રમ શાળાઓની જગ્યાઓને વર્ગીકરણ (વર્ગ ૧, વર્ગ-૨, વર્ગ-૩, વર્ગ-૪) લાગુ પડશે નહીં.

૨૬. આ પગાર સુધારણાની મંજુરી ઉપર જણાવેલ શરતો અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવતી હોઈ આ શરતો/સૂચનાઓનું પાલન થાય તે સંબંધિત નિયામકશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈ મુદ્દા અંગે સ્પષ્ટતાની જરૂર જણાયે વહીવટી વિભાગ મારફતે નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

આ વિભાગનો વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરનો તા.૦૬.૧૦.૨૦૨૨ નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા૨૬/૧૦/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Nov-2023 (03:34 PM)

(ધર્મિષ્ઠા વસાવા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ: અનુસૂચિ-૧, ૨, સમરી પત્રક,

અનુસૂચિ-૩ ૪

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના ઉપ સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ (પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ઇ.ડી.પી. સેલ, ગાંધીનગર.

- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, પગાર ચકાસણી એકમ, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર- આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતીસહ
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩

Sign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Nov-2023 (03:34 PM)

File No: SJED/ASC/e-file/17/2022/1526/K Section
Approved By: Sunaina Tomar(ACS,Secretary Office,SJED)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

## અનુસુચિ -૧

### નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરેલી જગ્યાઓ | રદ કરેલ જગ્યાઓ | છઠ્ઠા પગારપંચ મુજબની પગાર સુધારણા મંજૂર કરવામાં આવેલ હોય તો તે ઠરાવની અનુસૂચિમાં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમાં પગાપંચ મુજબ એન્ટ્રી લેવલ | પે મેટ્રીક્ષ મુજબ લઘુત્તમ પગાર રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પી.બી. | પે- બેન્ડ રૂ. | ગ્રેડ -પે રૂ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | મદદનીશ શિક્ષક | ૪૭૩ | ૨૪૮ | ૦ | પી.બી. - | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૨ | વિધા સહાયક | | ૯૦ | ૧૩૫ | - | - | - | - | ફિક્સ પગાર |
| ૩ | રસોયા | ૮૮ | ૬૦ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૪ | રસોયા (ફિક્સ પગાર) | | ૧૩ | ૧૩ | - | - | - | - | ફિક્સ પગાર |
| ૬ | મદદનીશ રસોયા | ૧૭૩ | ૯૨ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૭ | મદદનીશ રસોયા (ફિક્સ પગાર) | | ૧૬ | ૫૮ | - | - | - | - | ફિક્સ પગાર |
| ૯ | કમાઠી | ૬૪ | ૪૫ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૧૦ | કમાઠી (ફિક્સ પગાર) | | ૩ | ૧૩ | - | - | - | - | ફિક્સ પગાર |
| | **કુલ જગ્યાઓ** | ૭૯૮ | ૫૬૭* | ૨૧૯ | | | | | |

* ઉક્ત કોલમ નંબર ૪ માં કુલ જગ્યાઓમાં આઉટસોર્સથી ભરાયેલ રસોયા-૦૨, મદદનીશ રસોયા-૦૭, કમાઠી-૦૩ એમ વર્ગ-૪ની કુલ -૧૨ જગ્યાઓ સમાવિષ્ટ નથી.

# અનુસુચિ -૨

## નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

### (૧) આશ્રમશાળા

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરેલી જગ્યાઓ | રદ કરેલ જગ્યાઓ | છઠ્ઠા પગારપંચ મુજબની પગાર સુધારણા મંજૂર કરવામાં આવેલ હોય તો તે ઠરાવની અનુસૂચિમાં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમાં પગાપંચ મુજબ એન્ટ્રી લેવલ | પે મેટ્રીક્ષ મુજબ લઘુત્તમ પગાર રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પી.બી. | પે- બેન્ડ રૂ. | ગ્રેડ -પે રૂ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | મદદનીશ શિક્ષક | ૬૬૭ | ૬૬૭ | ૦ | પી.બી. -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૨ | વિધા સહાયક | ૧૮૮ | ૧૪૩ | ૪૫ | - | - | - | - | ફિક્સ પગાર |
| ૩ | રસોયા | ૧૮૭ | ૧૪૦ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૪ | રસોયા (ફિક્સ પગાર) | | ૩૧ | ૧૬ | - | - | - | - | ફિક્સ પગાર |
| ૬ | મદદનીશ રસોયા | ૩૬૭ | ૨૩૩ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૭ | મદદનીશ રસોયા (ફિક્સ પગાર) | | ૧૦૧ | ૩૩ | - | - | - | - | ફિક્સ પગાર |
| ૯ | કમાઠી | ૧૪૮ | ૧૦૩ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૧૦ | કમાઠી (ફિક્સ પગાર) | | ૩૪ | ૧૧ | - | - | - | - | ફિક્સ પગાર |
| | કુલ જગ્યાઓ | ૧૫૫૭ | ૧૪૫૨ | ૧૦૫ | | | | | |

### (૨) ઉત્તર બુનિયાદી આશ્રમશાળા

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરેલી જગ્યાઓ | રદ કરેલ જગ્યાઓ | પી.બી. | પે- બેન્ડ રૂ. | ગ્રેડ -પે રૂ. | સાતમાં પગાપંચ મુજબ એન્ટ્રી લેવલ | પે મેટ્રીક્ષ મુજબ લઘુત્તમ પગાર રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૧ | ૧ | ૦ | પી.બી.-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | ૮ | ૪૪૯૦૦ |
| ૨ | મદદનીશ શિક્ષક | ૩ | ૩ | ૦ | પી.બી.-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |
| ૩ | ફિલ્ડ આસિસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | પી.બી. -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ |
| ૪ | શિક્ષણ સહાયક | ૧ | ૧ | ૦ | પી.બી. -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ |
| ૫ | જુનિયર ક્લાર્ક | ૧ | ૧ | ૦ | પી.બી. -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૬ | પટાવાળા | ૧ | ૧ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૭ | મુખ્ય રસોયા | ૧ | ૧ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૮ | મદદનીશ રસોયા | ૧ | ૧ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૯ | રસોડા નોકર | ૧ | ૧ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| ૧૦ | કમાઠી | ૧ | ૧ | ૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS -૧ | ૧૪૮૦૦ |
| | કુલ જગ્યાઓ | ૧૨ | ૧૨ | ૦ | | | | | |

ઠરવા ક્રમાંક: SJED/ASC/e-file/17/2022/1526/K નું બિડાણ

## સમરીપત્રક

| આશ્રમશાળાની જગ્યાઓ | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| નિયામકશ્રી, અનુસૂચિત જાતિની આશ્રમશાળા | ૭૯૮ | ૫૭૯ | ૨૧૯ |
| નિયામકશ્રી, વિકસતી જાતિની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા | ૧૫૫૭ | ૧૪૫૨ | ૧૦૫ |
| નિયામકશ્રી, વિકસતી જાતિની ઉત્તર બુનિયાદી આશ્રમશાળા | ૧૨ | ૧૨ | ૦ |
| કુલ | ૨૩૬૭ | ૨૦૪૩ | ૩૨૪ |
| શૈક્ષણિક જગ્યાઓ | ૧૩૩૫ | ૧૧૫૫ | ૧૮૦ |
| બિન શૈક્ષણિક જગ્યાઓ | ૧૦૩૨ | ૮૮૮ | ૧૪૪ |
| કુલ | ૨૩૬૭ | ૨૦૪૩ | ૩૨૪ |

ઉક્ત કોલમ નંબર-૩ માં દર્શાવેલ કુલ ભરેલ જગ્યાઓ ૫૭૯ પૈકી વર્ગ-૪ની ૧૨ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરેલ છે, જેઓને સાતમાં પગાર પંચની ભલામણોનો લાભ મળવાપાત્ર થશે નહી.

ઉક્ત કોલમ નંબર-૪ માં દર્શાવેલ ૩૨૪ ખાલી જગ્યાઓને વિભાગના તા.૨૧/૦૯/૨૦૨૩ના ઠરાવ ક્ર: SJED/ASC/e-file/17/2022/1526/K થી રદ કરેલ છે.

(Enclosure to the Social Justice & Empowermrnt Department, Government Resolution No.SJED/ASC/e-file/17/2022/1526/K)

## અનુસૂચિ-૩

Annexure – I

Form No. 1 of Gujarat Civil Services (Revision of Pay) Rules,2016

**Form of option**

[See rule 6]

*1. I,...........................................................hereby elect the revised pay structure with effect from 1st April, 2021.

*2. I,...........................................................hereby elect to continue on Pay Band and Grade Pay of my substantive / officiating post mentioned below until:

* the date of my next increment / the date of my subsequent increment raising my pay to Rs.__________/

I vacate or cease to draw pay in the existing pay structure / the date of my promotion / financial upgradation to the post of ___________.

Existing Pay Band and Grade Pay____.

Signature..........................

Name..................................

Date:

Place:

Office in which employed........................

Signed before me.

Signature

Head of office(in case of non-gazetted Government employee)

Signature

Another Gazetted Officer(in case of Gazetted Government Employee)

..........................................................................

Received above declaration

Signature

Pay and Account officer/Head of Office

*To be strike out, if not applicable.

(Enclosure to the Social Justice & Empowermrnt Department, Government Resolution No.SJED/ASC/e-file/17/2022/1526/K)

અનુસૂચિ-૪

Annexure-II

# UNDERTAKING

I hereby undertake that in the event of my pay having been fixed in a manner contrary to the provisions contained in these Rules, as detected subsequently, any excess payment so made shall be refunded by me to the Government either by adjustment against future payaments due to me or otherwise.

Signature_____________

Name____________

Designation___________

Date:

Palace:

Office in which employed

Signed before me

Signature

Head of office(in case of Non-Gazetted Government Employee)

Signature

Another Gazzetted Officer (in case of Gazetted officer)